નં.ડીએમ/ પરીક્ષા/૧૮૪/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા. ૧૯/૦૪/૨૦૨૩

# ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

આગામી તા.૨૩/૦૪/૨૦૨૩ ને રવિવાર ના રોજ બપોરના ૧૫-૦૦ થી ૧૭-૦૦ કલાક સુધી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત TET-II -૨૦૨૩ ની લેખીત પરીક્ષાઓ યોજાનાર છે. જે પરીક્ષાઓ દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉતરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે

જામનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર કોઈએ મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર ના તા.૧૭/૦૪/૨૦૨૩ ના પત્રથી દરખાસ્ત મળેલ છે જે મને વ્યાબી જણાય છે.

તેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ** મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નકકી કરાયેલા **પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના** વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/ અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ **તા.૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સવારના ૧૫:૦૦ કલાક થી ૧૭:૦૦ કલાક સુધી** તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેક્ટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિ. સાથે પ્રવેશ કરવો નહી.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮ માહે : એપ્રિલ-૨૦૨૩ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
सत्यमेव जयते
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :-
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

E:\DCH\D.M.DCH\NOTIFICATION\EXAMINATION JAHERNAMA\2023\Main file.docx

નકલ રવાના :–

૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર

૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર

...ઉકત જાહેરનામાંની વધારાની નકલો કરાવી સંબંધકર્તા પરીક્ષા કેન્દ્રો પર પ્રસિધ્ધ કરી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું.

૪. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ

૫. મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય), લાલપુર/જામજોધપુર/કાલાવડ/ધ્રોલ/જોડીયા

૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...ઉકત જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની બે નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર.

...ઉકત હુકમની અખબારી યાદી રૂપે રાજકોટ તેમજ જામનગરથી પ્રસિધ્ધ થતા દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી અપાવવા સારૂ.

૮. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

૯. સિલેકટ ફાઈલે

E:\DCH\D.M.DCH\NOTIFICATION\EXAMINATION JAHERNAMA\2023\Main file.docx

આ કચેરીના તા.૨૮/૦૪/૨૦૨૩ ના જાહેરનામાં નં.ડીએમ/પરીક્ષા/૧૮૪/૨૦૨૩ નું

**પરિશિષ્ટ**

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર( શાળા/કોલેજ) નું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામુ |
|---|---|---|
| ૧ | શારદા મંદિર હાઈસ્કૂલ | લીમડા લાઇન,જામનગર |
| ૨ | શ્રીમદ દયાનંદ કન્યા વિદ્યાલય | ખંભાળીયા નાકા પાસે, જામનગર |
| ૩ | એલ.જી.હરિયા સ્કૂલ યુ.-૧ | ઇન્દીરા ગાંધી માર્ગ પ્લોટ નમ્બર F-5,જામનગર |
| ૪ | એલ.જી.હરિયા સ્કૂલ યુ.-૨ | ઇન્દીરા ગાંધી માર્ગ પ્લોટ નમ્બર F-5,જામનગર |
| ૫ | સેન્ટ ફ્રાન્સીસ હાઈસ્કૂલ | જી.જી.હોસ્પીટલ રોડ , જામનગર |
| ૬ | જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય | વિકાસ ગૃહ રોડ, જામનગર |
| ૭ | ઉમેદસિંહજી સોઢા હાઈ. | જય કો-ઓપરેટીવ સોસા., ખોડીયાર કોલોની સામે, જામનગર |
| ૮ | ક્રિષ્ના સાયન્સ સ્કૂલ | રોયલ પુષ્પ પાર્ક , જામનગર |
| ૯ | પી.વી.મોદી સ્કૂલ | શરુ સેકશન રોડ , જામનગર |
| ૧૦ | કાલિન્દી વિદ્યાલય | રણજીત સાગર રોડ , પટેલ પાર્ક પાછળ , વૃંદાવન-3 , જામનગર |
| ૧૧ | સોઢા રસિલાબા કન્યા વિદ્યાલય | લીમડા લાઇન,જામનગર |
| ૧૨ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ | પી. એન. માર્ગ, ડી.કે.વી સર્કલ પાસે, જામનગર |
| ૧૩ | સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ | રણજીત રોડ , જામનગર |
| ૧૪ | ડી.એસ.ગોજીયા હાઈસ્કૂલ | આહીર બોર્ડીંગ કંપાઉંડ, અંબર ટોકીઝ પાસે , જામનગર |
| ૧૫ | જે.કે.સોની કન્યા વિદ્યાલય | જનતા ફાટક પાસે , જામનગર |
| ૧૬ | એ.બી.વીરાણી કન્યા વિદ્યાલય | રણજીત નગર , જામનગર |
| ૧૭ | શ્રી પ્રણામી હાઈસ્કૂલ | હીરજી મિસ્ત્રી રોડ , રણજીત નગર , જામનગર |
| ૧૮ | ડી.સી.સી.વિવિધલક્ષી હાઈસ્કૂલ | અરવિંદ માર્ગ , સાત રસ્તા , જામનગર |
| ૧૯ | સેન્ટ આન્સ હાઈસ્કુલ | પંડીત નહેરુ માર્ગ , બેડી બંદર રોડ , જામનગર |
| ૨૦ | એ. કે. દોશી વિદ્યાલય | પટેલ કોલોની, મહિલા કોલેજ કેમ્પસ, જામનગર |
| ૨૧ | શાસ્ત્રી ત્રમ્બકરામ હાઈસ્કુલ | ૨-રાજપૂતપરા, લીંબડા લાઇન, જામનગર |
| ૨૨ | સન સાઈન હાઈસ્કુલ | વાલ્કેશ્વરી નગરી, ઇન્દિરા માર્ગ, સાત રસ્તા પાસે, જામનગર |
| ૨૩ | બ્રીલીયન્ટ હાઈસ્કુલ | ૨-રાજપૂત પરા, લીંબડા લાઇન, રાજરત્ન એપાર્ટમેન્ટની સામે, જામનગર |
| ૨૪ | નેશનલ હાઈસ્કૂલ | ખંભાળીયા નાકા બહાર, જામનગર |

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

E:\DCH\D.M.DCH\NOTIFICATION\EXAMINATION JAHERNAMA\2023\Main file.docx